# વાંસદાનો માનવભક્ષી દીપડો કેદ

**3 વર્ષના** બાળકને ઉપાડી જઇ ફાડી ખાધો હતો

**વનવિભાગે** 12 પાંજરા ગોઠવ્યા હતા

વાંસદા : વાંસદા પૂર્વ રેન્જના વાંસદા તાલુકાના ભીનાર ગામે રાત્રિના સમયે દીપડાએ ત્રણ વર્ષના બાળક પર હુમલો કર્યો હોવાની ઘટના બાદ વનવિભાગ દ્વારા દીપડાને પકડવા માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. વનવિભાગે અલગ-અલગ ટીમો બનાવી અસરગ્રસ્ત વિસ્તારમાં આશરે ૧૨ પાંજરાં ગોઠવ્યાં હતાં, તેમજ દીપડાની હિલચાલ પર નજર રાખવા સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા હતા. આ દરમિયાન મંગળવારની રાત્રે ભીનાર ગામના ભાટેલ ફળિયામાંથી દીપડો પાંજરે પુરાઈ જતાં વનવિભાગ સહિત ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. પાંજરે પુરાયેલા દીપડાની ઉંમર આશરે ત્રણ વર્ષ હોવાનું જાણવા મળ્યું હતું. વનવિભાગ દ્વારા દીપડાને નિરીક્ષણ હેઠળ રાખી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



નિલેશ કાપડિયા

## ચીખલીના ખૂડવેલમાં બાઇક સવાર દંપતિ પર દીપડાનો હુમલો

ઘેજ : ચીખલી તાલુકાના ખૂડવેલ ગામના મોટરસાયકલ સવાર દંપતિ પર દીપડાએ હુમલો કરતા પગમાં ઇજા થતાં મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ખૂડવેલ હનુમાનજી ફળિયાના નવીન હળપતિ પત્ની શીલાબેન સાથે મોટરસાયકલ પર ઘરે પરત આવી રહ્યા હતા તે દરમિયાન દાદરા પાસે દીપડો ધસી આવી હુમલો કરતા શીલાબેનને પગમાં ઇજા થઇ હતી. તાલુકામાં ગામેગામ દીપડાઓની વસ્તી વધવા સાથે રહેણાંક વિસ્તારોમાં પણ બિન્દાસ્ત પણે લટાર મરતા લોકો અને લોકોના જાનમાલની સલામતી જોખમાવા પામી છે ત્યારે વન વિભાગ કોઈ નક્કર આયોજન કરે તે જરૂરી છે.

| તાલુકો | દહેશતનું પ્રમાણ | મુખ્ય કારણ / સ્થિતિ |
| --- | --- | --- |
| વાંસદા | સૌથી વધુ | જંગલ વિસ્તારને અડીને આવેલો હોવાથી સૌથી વધુ હુમલા અને મુવમેન્ટ. |
| ચીખલી & ખેરગામ | મધ્યમથી વધુ | વાડી-ખેતરો અને ચીકુ/આંબાના વાડી વિસ્તારોમાં ઘેરાવ. |
| ગણદેવી & જલાલપોર | મધ્યમ | અંબિકા, પૂર્ણા અને કાવેરી નદીના કાંઠા વિસ્તારોમાં અવરજવર. |

મેયર અને મ્યુનિસિપલ કમિશનર સાથેની બેઠક બાદ સમાધાન

# નવસારી મનપાના રોજમદાર કર્મચારીઓની હડતાળ સમેટાઇ

**વેતન** અને કાયદેસરના હક્કોને લઈને ઉભો થયેલો વિવાદ ઉકેલાયો

**વોટર** વર્ક્સ, ડ્રેનેજ અને ઇલેક્ટ્રિક વિભાગના કોન્ટ્રાક્ટ કર્મચારીઓની માંગણીઓ પર ચર્ચા બાદ રાહત



નવસારી : નવસારી મહાનગરપાલિકામાં રોજમદાર કર્મચારીઓના વેતન અને કાયદેસરના હક્કોને લઈને ઉગ્ર બનેલો વિવાદ આખરે સમાધાન સુધી પહોંચ્યો છે. વોટર વર્ક્સ, ડ્રેનેજ અને ઇલેક્ટ્રિક સહિતના મહત્વના વિભાગોના કોન્ટ્રાક્ટ કર્મચારીઓએ પોતાની માંગણીઓના સમર્થનમાં શરૂ કરેલી હડતાળ મેયર અશોક ધોરાજીયા અને મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાય સાથેની બેઠક બાદ સમેટી લેવાની જાહેરાત કરી છે.

કર્મચારીઓના આંદોલનને પગલે પાલિકાની આવશ્યક સેવાઓ પર અસર થવાની સ્થિતિ સર્જાઈ હતી. આ પરિસ્થિતિમાં પાલિકા તંત્રએ સમાધાન માટે બેઠક યોજી કર્મચારીઓના પ્રતિનિધિઓને સામસામે બેસાડ્યા હતા. બેઠકમાં લઘુત્તમ વેતન, શ્રમ કાયદાઓ હેઠળ મળવાપાત્ર લાભો અને કોન્ટ્રાક્ટ એજન્સીઓની જવાબદારીઓ અંગે આકરા સવાલો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

### માત્ર આશ્વાસન નહીં, કાયદાના પાલનનો મુદ્દો કેન્દ્રસ્થાને !

બેઠકમાં કર્મચારીઓના હિતો સાથે કોઈ બાંધછોડ ન થાય અને કોન્ટ્રાક્ટ એજન્સીઓ શ્રમ કાયદાઓનું ચુસ્ત પાલન કરે તે સુનિશ્ચિત કરવાની ખાતરી પાલિકા તંત્ર દ્વારા આપવામાં આવી હતી. કર્મચારીઓની માંગણીઓનો વહીવટી પ્રક્રિયા મુજબ યોગ્ય ઉકેલ લાવવાની પણ ખાતરી અપાઈ હતી. પરિણામે કર્મચારીઓએ હડતાળ સમાપ્ત કરી ફરજ પર પરત ફરવાનો નિર્ણય લીધો હતો. આ બેઠકમાં સ્થાયી સમિતિના ચેરમેન મુકેશ અગ્રવાલ, મહેકમ સમિતિના ચેરમેન, નાયબ મ્યુનિસિપલ કમિશનર તેમજ વિવિધ સમિતિઓના ચેરમેન હાજર રહ્યા હતા.

### શહેરની સેવાઓ ઠપ થવાની સ્થિતિમાંથી બહાર આવવાની આશા

હડતાળ સમેટાતાં શહેરમાં પાણી પુરવઠો, ડ્રેનેજ અને સફાઇ જેવી પાયાની નાગરિક સેવાઓ ફરી સામાન્ય બનવાની આશા બંધાઈ છે. નાગરિકોને રાહત મળે તે માટે કર્મચારીઓને તાત્કાલિક ફરજ પર હાજર થવા પાલિકા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. જોકે, આ સમગ્ર ઘટનામાં સૌથી મોટો સવાલ હજુ પણ યથાવત્ છે કે કર્મચારીઓને આપવામાં આવેલી ખાતરીનો અમલ ક્યારે અને કેવી રીતે થશે? હડતાળ સમેટાઇ છે, પરંતુ વેતન અને કાયદેસરના લાભોનો વિવાદ ખરેખર ઉકેલાય છે કે પછી ફરી અસંતોષ ભભૂકશે તે આગામી દિવસોમાં સ્પષ્ટ થશે. હવે પાલિકા તંત્ર માટે ખરી કસોટી માત્ર હડતાળ સમાપ્ત કરાવવાની નહીં, પરંતુ કર્મચારીઓને તેમના કાયદેસરના હક્કો અપાવવાની છે.

# નવસારીના એપાર્ટમેન્ટમાં લિફ્ટ ઓવરલોડથી દુર્ઘટના, બેને ઈજા



**ક્ષમતા** કરતાં વધુ લોકો સવાર થતાં આઠમા માળેથી નીચે આવી રહેલી લિફ્ટમાં સર્જાયો અકસ્માત

નવસારી : નવસારી શહેરના વોર્ડ નં. 13માં આવેલા જ્વેલ એક્સેલ એપાર્ટમેન્ટમાં શેરી ગરબા સ્પર્ધાના માહોલ વચ્ચે લિફ્ટની દુર્ઘટનાએ અચાનક અફરાતફરી સર્જી હતી. આઠમા માળેથી નીચે આવી રહેલી લિફ્ટમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરો સવાર થતાં અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં બે મહિલાઓને ઈજા પહોંચી હતી.

મળતી વિગતો મુજબ, એપાર્ટમેન્ટમાં ગરબા સ્પર્ધા દરમિયાન અવરજવર વધી હતી. આ દરમિયાન લિફ્ટમાં પાંચ વ્યક્તિની નિર્ધારિત મર્યાદા હોવા છતાં અલગ-અલગ માળેથી વધુ મુસાફરો સવાર થયા હતા. પરિણામે લિફ્ટમાં કુલ આઠ વ્યક્તિઓ થઈ જતાં તેની ક્ષમતા કરતાં વધુ વજનનો ભાર પડ્યો હતો. આ ઓવરલોડિંગના કારણે લિફ્ટની ટેક્નિકલ વ્યવસ્થા ખોરવાઈ અને દુર્ઘટના સર્જાઈ હોવાનું સોસાયટીના પદાધિકારીઓએ જણાવ્યું હતું. અકસ્માતમાં અંજનાબેનના રિપોર્ટ સામાન્ય આવતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી, જ્યારે અન્ય મહિલા સામાન્ય ઈજાઓ સાથે સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

### મેઇન્ટેનન્સમાં ખામી નહીં, ઓવરલોડિંગ જવાબદાર

સોસાયટીના પદાધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે લિફ્ટની ક્ષમતા પાંચ વ્યક્તિ અથવા 340 કિલોગ્રામની છે. આ અંગેની સૂચના પણ લિફ્ટમાં લગાવવામાં આવી છે. લિફ્ટનું વાર્ષિક મેઇન્ટેનન્સ નિયમિત થતું હોવાનું અને તેના દસ્તાવેજો ઉપલબ્ધ હોવાનું પણ જણાવાયું હતું. સીસીટીવી કેમેરા કાર્યરત હોવાની વિગતો આપતાં પદાધિકારીઓએ દુર્ઘટના પાછળ મેઇન્ટેનન્સની ખામીને બદલે ઓવરલોડિંગને કારણભૂત ગણાવ્યું હતું.

### એક ક્ષણની બેદરકારી બની શકે છે જીવનું જોખમ !

આ ઘટનાએ એપાર્ટમેન્ટમાં લિફ્ટનો ઉપયોગ કરતી વખતે સુરક્ષાના નિયમોનું પાલન કેટલું જરૂરી છે તે ફરી એકવાર સાબિત કર્યું છે. લિફ્ટની નિર્ધારિત ક્ષમતા કરતાં વધુ વ્યક્તિઓને અંદર લઈ જવાની બેદરકારી ગંભીર પરિણામો સર્જી શકે છે. જોકે, આ દુર્ઘટનામાં ઓવરલોડિંગ અંગે સોસાયટીના પદાધિકારીઓની સ્પષ્ટતા સામે આવી છે, ત્યારે લિફ્ટની ટેક્નિકલ સ્થિતિ અને ઘટનાના ચોક્કસ કારણોની નિષ્પક્ષ ચકાસણી પણ એટલી જ જરૂરી બની છે.


ધર્મેશ પટેલ

# ચીખલીના સાદકપોરમાં સરકારી જમીનમાંથી વૃક્ષો કાપી નંખાયા

**વનવિભાગે** ગુનો નોંધીને ચારેક જેટલા ઈસમોને નોટિસ પાઠવી વધુ તપાસ હાથ ધરી

ઘેજ : ચીખલી તાલુકાના સાદકપોરમાં સરકારી જમીનમાંથી વૃક્ષ છેદનની ફરિયાદમાં વનવિભાગ દ્વારા ગુનો નોંધી ચારેક જેટલાને નોટિસ પાઠવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ સાદકપોર ગામના બ્લોક નંબર ૪૦૦ વાળી જમીન હાલે રેવન્યુ રેકર્ડમાં સરકારના નામે ચાલી આવેલી છે. જે જમીનમાંથી ખેર, જંગલી બાવળ તથા અન્ય જંગલી ઝાડો બચુભાઈ, સુનિલભાઈ, જીગ્નેશભાઈ અને મહેન્દ્રભાઈએ કપાવી સગેવગે કરવામાં આવ્યા હોવાની સ્થાનિક આગેવાનની ડીએફઓ સહિતનાઓને ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆત કરી તપાસની માંગ કરવામાં આવી હતી.

જેમાં વનવિભાગની ચીખલી રેન્જ દ્વારા સ્થળ પર તપાસ કરવામાં આવતા ખેરના ૫૭ અને અન્ય ઝાડોના ૪૫ જેટલા ખુંટો મળી આવતા ઉપરોક્ત તમામને નોટિસ આપવામાં આવતા તેઓએ ન સ્વીકારતા ઘરે ચોંટાડી પંચક્યાસ કરવાની તજવીજ હાથ ધરી હોવાનુ જાણવા મળ્યુ હતુ. જો કે વન વિભાગ દ્વારા ઝીણવટભરી તટસ્થ તપાસ કરી આ વૃક્ષો હકીકતમાં કોણે કપાવ્યા અને ક્યાં સગેવગે કરવામાં આવ્યા તે હકીકત બહાર આવશે તે નિશ્ચિત છે.

# ચીખલીમાં ચોરી કરનાર દિલ્હીથી ઝડપાયો

**પોલીસે** 30થી વધુ સીસીટીવી ફૂટેજ ચકાસી આરોપીને દબોચી લીધો

ઘેજ : ચીખલીના થાલા ગામે બંધ ઘરમાં થયેલી ચોરીનો ભેદ પોલીસે ઉકેલી કાઢ્યો છે. દિલ્હીથી ઓળખીતાઓની કાર લઈ હાઈવે નજીકના બંધ ઘરને નિશાન બનાવી ચોરી કરતા એકની દિલ્હીથી ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલીના થાલામાં ગાંધી કોમ્પલેક્ષ જયદીપભાઈના ભાડાના મકાનમાં રહેતા નિર્મલ લેરૂદાસ વૈષ્ણવનું ઘર બંધ હોય ચોર ઈસમે ઘરમાં પ્રવેશ કરી સોના ચાંદીના દાગીના તથા રોકડા મળી કુલ્લે રૂપિયા ૧,૭૭,૩૦૦ ની મત્તા ચોરી ફરાર થઈ જતા નિર્મલભાઈએ ચીખલી પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી. પોલીસે ૩૦ થી વધુ સીસીટીવી કેમેરા ચેક કરતા ચોરીનો આરોપી દિલ્હી હોવાનું જણાતા પોલીસે મૂન્તજીમ ઉર્ફે મુસા મોહમદ અઝીઝ ખુરેશીની ધરપકડ કરી વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

# નવસારીમાં PHC કર્મચારી યુવતીનું શંકાસ્પદ સંજોગોમાં મોત

**શિવાની** કોમ્પ્લેક્સના ફ્લેટમાંથી મૃતદેહ મળતાં પરિવારમાં શોકની લાગણી

**યુવતીએ** અંતિમ પગલું કયા સંજોગોમાં ભર્યું અને તેની પાછળનું ચોક્કસ કારણ શું હતું તે દિશામાં પોલીસ તપાસ

નવસારી : નવસારી શહેરના શિવાની કોમ્પ્લેક્સમાં રહેતી અને ઘેલખડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ખાતે ફરજ બજાવતી ૨૭ વર્ષીય યુવતીનું ઘરમાં ગળેફાંસો ખાધેલી હાલતમાં મોત થતાં ચકચાર મચી ગઈ છે. યુવતીને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, પરંતુ ફરજ પરના તબીબે તપાસ બાદ મૃત જાહેર કરતાં પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ જલાલપોર તાલુકાના કણિયેટ પનાર ગામની વતની મેઘાબેન હરિદાસ ટંડેલ (ઉં.વ. ૨૭) હાલ નવસારીના શિવાની કોમ્પ્લેક્સમાં ફ્લેટ નં. ૨૦૪માં રહેતાં હતાં અને ઘેલખડી PHC સેન્ટરમાં નોકરી કરતાં હતાં. ગત સાંજે નિવાસસ્થાને બનેલી ઘટનાની જાણ થતાં લોકો દોડી આવ્યા હતા. યુવતીને બેભાન અવસ્થામાં નવસારીની INS હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે, ત્યાં તબીબોએ મૃત જાહેર કર્યા હતા.

ઘટનાને પગલે પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. આ મામલે મૃતકના ભાઈ પ્રતીકકુમાર હરિદાસ ટંડેલે નવસારી ટાઉન પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતની નોંધ કરી હતી.

પીએસઆઈ સી.એસ. ઠુમરે સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે. યુવતીએ આ અંતિમ પગલું કયા સંજોગોમાં ભર્યું અને તેની પાછળનું ચોક્કસ કારણ શું હતું તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે.

લોકઆકર્ષણ : દોરી રાસ કેટલા વર્ષો જૂનો છે તેની માહિતી ઉપલબ્ધ નથી

# ગણદેવીમાં પ્રાચીન ગોફ ગૂંથન દોરી રાસની પરંપરા અકબંધ

**અનોખા** ગુંથણને કારણે તેને ગોફ ગુંથન નૃત્ય કે દોરીરાસ તરીકે ઓળખવામાં આવે છે

**આ** પ્રાચીન પરંપરાનો અલૌકિક નજારો માણવા માટે નોરતા દરમિયાન લોકો ઉમટી પડે છે

બીલીમોરા : ગણદેવી નગરમાં હનુમાનજી મંદિર પટાંગણમાં શ્રી કૃષ્ણ યુગની યાદ અપાવતો ગોફ ગૂંથન દોરી રાસ ખેલૈયાઓને ઘેલું લગાવતો કલા વારસો આજે પણ અકબંધ છે. આ પ્રાચીન પરંપરાનો અલૌકિક નજારો માણવા નોરતામાં લોકો ઉમટી પડે છે.

ગણદેવી એસટી ડેપો પાછળ કુંભારવાડમાં પ્રાચીન હનુમાનજી મંદિર આવેલું છે. જેના પટાંગણમાં પ્રાચીન કાળથી નવરાત્રિ વેળા માતાજીની સ્થાપના કરવામાં આવે છે. અને વર્ષો વર્ષથી ગોફ ગુંથન દોરી રાસ રમવામાં આવે છે જે અનોખો સંયોગ અને અલૌકિક ઘટના છે. અહીં પટાંગણમાં ૨૫ ફૂટ ઊંચાં ઊંચાઈએ બાંધેલા વાસ ઉપર દોરીઓ બાંધવામાં આવે છે. જેનો એક છેડો નીચે ઊભેલા ખેલૈયાઓ પકડી રાખે છે. જેઓ હાથમાં દાંડિયો પકડી લઈ લયબદ્ધ રીતે અંદર-બહાર ગોળ ગોળ ફરતા જાય છે. દાંડિયાના સુમધુર અવાજની થનક સાથે ખેલૈયાઓના અનોખા કરતબ અને દોરીની ગુથણી શરૂ થાય છે. જે બાદ ફરી પાછા જે દિશામાં ફરતા હોય તેનાથી ઊંધી દિશામાં ફરવા માંડે એટલે દોરી ગૂંથણી આપોઆપ છૂટતી જાય છે. આ અનોખા ગુંથણને કારણે તેને ગોફ ગુંથન નૃત્ય કે દોરીરાસ તરીકે પણ ઓળખવામાં આવે છે. અહીં પેઢી દર પેઢીનો વારસો જીવંત છે. જોકે આ દોરી રાસ કેટલા વર્ષોનો થયો તે અંગે ચોક્કસ આંકડાકીય માહિતી ઉપલબ્ધ નથી કે કોઈ પ્રકારના દસ્તાવેજો મળી શક્યા નથી તેમ છતાં પેઢી દર પેઢી સંસ્કૃતિનો વારસો જાળવી રાખતા દોરી રાસ ગણદેવીનું ગૌરવ સમાન છે.


કેરસી બારીયા

# પિતા-પુત્રીની ફેક ઈન્સ્ટા ID બનાવી અશ્લીલ લખાણો પોસ્ટ કરાયા

**સોશિયલ** મીડિયાના દુરૂપયોગ દ્વારા પરિવારને બદનામ કરાતા સાપુતારા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં સોશિયલ મીડિયાના દુરુપયોગ દ્વારા એક પરિવારને બદનામ કરવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જિલ્લાની એક ૨૨ વર્ષીય યુવતીને લક્ષ્ય બનાવીને કોઈ અજાણ્યા શખ્સે 'rupalgavit7596' નામે ઈન્સ્ટાગ્રામ પર એક નકલી (ફેક) પ્રોફાઈલ તૈયાર કરી હતી. આ bogus આઈડી પરથી શખ્સે યુવતી તેમજ તેના પિતાના સન્માનજનક ફોટોગ્રાફ્સ અપલોડ કરીને તેની સાથે અત્યંત અભદ્ર, અશ્લીલ અને અપમાનજનક લખાણો પોસ્ટ કર્યા હતા. આ પ્રકારના નીચ કૃત્ય દ્વારા યુવતી અને તેના પરિવારની સામાજિક પ્રતિષ્ઠાને ભારે નુકસાન પહોંચાડવાનો મલિન પ્રયાસ કરવામાં આવ્યો હતો. શરૂઆતના તબક્કે, સમાજમાં નકામી ચર્ચા કે બદનામી થશે તેવા ડર અને સંકોચના કારણે પીડિત યુવતી તથા તેના પરિવારે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતુ. આખરે હિંમત ભેગી કરીને તેણે પોતાના પિતા સાથે મળીને આ મામલે કાયદેસરનું પગલું ભરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ તબક્કે યુવતીએ સાયબર ક્રાઈમની રાષ્ટ્રીય હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક સાધીને ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી અને ત્યારબાદ નકલી આઈડી પરથી કરાયેલી વિવાદાસ્પદ પોસ્ટ્સના સ્ક્રીનશોટ સહિતના તમામ પુરાવાઓ સાથે પોલીસ ચોકીએ પહોંચી હતી. આ બનાવ અંગે સાપુતારા પોલીસેકે ગુનો નોંધી ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

# કપરાડામાં ટુરિઝમ હબ સામે વિરોધ

વલસાડ : કપરાડા તાલુકાના ટોકરપાડા, વાવર કોતરમાળ સહિતના ગામોમાં ટુરિઝમ હબ વિકસાવવા થઈ રહેલી હિલચાલ સામે સ્થાનિકોમાં ભારે વિરોધનો સૂર ઉઠ્યો છે. બુધવારે આ મુદ્દે સર્વે શરૂ કરાતા ગ્રામજનોએ જોરદાર વિરોધ નોંધાવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ આજરોજ 14/10/2026 ના રોજ ટોકરપાડા ડુંગર ટુરિઝમ લીક ચોક નામથી કોઈક કંપનીએ સર્વે શરૂ કરતા ભારે વિરોધ ટોકરપાડા, વાવર, કોતરમાળ અને આજુબાજુના ગામોમાં થયો હતો. ઘટના અંગે આદિવાસી સમાજના આગેવાન જયેન્દ્ર ગાંવિત, દેવરામભાઇ ઘાટાળ, સરપંચ જહીરામભાઈ ખાડમ, રામુભાઇ, સ્થાનિક આગેવાનોએ ભારે વિરોધ કર્યો હતો. જયેન્દ્રભાઈ ગાવીતે જણાવ્યું કે આજે અમે આ મુદ્દે બેઠક કરી છે, કોઈપણ જાતની જાણ કર્યા વગર શરૂ કરાયેલ સર્વેનો અમે વિરોધ કરીએ છે, આ મુદ્દે સ્થાનઈક લોકો સાથે સંવાદ કરવો જોઈએ અમે આનો વિરોધ કરીશું.


આપ સર્વેને નવરાત્રીની શુભકામના
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ
નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
મજુરી 5.9%*
R.A. Parikh Jewellers NX
નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181
*શરતો લાગુ


## વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસથી જણાવવાનું કે મોજેઃ સીસોદ્રા (ગણેશ), તાલુકોઃ નવસારી, જીલ્લોઃ નવસારી મુકામે આવેલ સીટ નંબર ૪ ના સીટી સર્વે નંબર ૧૭૯૮ જેનો સત્તા પ્રકાર 'એ/૧' વાળી ૪૨૬.૯૬ ચો.મી. જેટલી જમીન ઉમેશ ઈશ્વરભાઈ મૈસુરિયા વિગેરેની સંયુક્ત માલિકીની સીટી સર્વે રેકર્ડ દફતરે ચાલી આવેલ છે. જે જમીન પૈકી ઉમેશભાઈ ઈશ્વરભાઈ મૈસુરિયા ના વણ-વહેંચાયેલ હિસ્સાની ૮૩.૬૧ ચો.મી. જેટલી જમીન તેમની પાસેથી હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે. સબબ સદર જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થાનો કોઈપણ હકક, દરદાવો, ગણોતહકક કે લેણું, બોજા અન્ય કોઈપણ પ્રકારના હકક, હીત, અધીકાર હોય તો તેમણે આજદિનથી દિન-૫ માં નીચે જણાવેલ સરનામે પુરાવા સહીત રૂબરૂમાં જાણ કરવી, અન્યથા મુદત વિત્યે હમારા અસીલ કાયદેસરનો વેચાણ અવેજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરાર ચાલશે નહીં. જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી .

તા. ૧૪-૧૦-૨૦૨૬

મારી મારફત, દિપાલી આર. પટેલ (એડવોકેટ)
૧, ઓમ ચેમ્બર, કાલીયાવાડી, તા. જી. નવસારી. મો.: 95371 30101